અપીલ અરજી નં.૨૦૪ તા.૮–૧૦–૦૮/૦૯

અરજદારઃ શ્રી ડો.બાબુલાલ એમ.શાહ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)

## હુકમઃ–

***વિષય :***–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.બાબુલાલ એમ.શાહની તા.૮–૮–૦૮ અરજીથી નાનાવરાછા ગામતળ વિસ્તારના ગેરકાયદેસર બાંધકામો વિગેરે પ્રશ્નો બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૮–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૦૪/૨૦૦૮–૦૯

શ્રી ડો.બાબુલાલ એમ.શાહની તા.૮–૮–૦૮ અરજીથી નાનાવરાછા ગામતળ વિસ્તારના ગેરકાયદેસર બાંધકામો વિગેરે પ્રશ્નો બાબતે અધુરી અને ખોટી માહિતી આપવાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૭૩ તા.૧૮–૧૦– ૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૯ તા.૨૪–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર તેમની કક્ષાએ અરજદારની તા.૮–૮–૦૮ ની કોઈ અરજી આવેલ નહીં હોવાનું જણાવેલ છે. જે હકીકતથી વિપરિત જણાય છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને તા.૧૭–૯–૦૮ ના તેમના પત્રથી અપાયેલ માહિતી અરજદારની તા.૮–૮–૦૮ ની અરજીના પરિપેક્ષ્યમાં જણાય છે.

અરજદારે તા.૮–૮–૦૮ ની અરજી અન્વયે તા.૧૯–૯–૦૮ ના રોજ અપીલ અરજી કરેલ છે સદરહુ તારીખની અરજી સંદર્ભે તા.૮–૧૦–૦૮ ના રોજ પુનઃ અપીલ અરજી કરેલ છે. એક જ તારીખની સમાન વિષય વસ્તુ અંગે બે અપીલ કરેલ છે. તેથી આ અંગે અગાઉ અપીલ નં.૧૭૩ બાબતે આરટીઆઈ સેલ/૭૪૨ તા.૧૦–૧૧–૦૮ થી હુકમ કરેલ છે. અરજદારે અત્રેની અપીલમાં ઉપસ્થિત કરેલ તેમની મુળ અરજીના મુદ્દા નં.૨,૪ અને ૭ અનુક્રમે રાત્રિ સફાઈ તાપીદર્શનના બાંધકામ તથા નાના વરાછા વિસ્તારની મિલ્કતના મુદ્દાઓ અંગે તેઓની તા.૧૯–૯–૦૮ ની અપીલ અરજીમાં માહિતી નહીં મળ્યાનું જણાવતાં તા.૧૦–૧૧–૦૮ ના હુકમથી તે પૂરી પાડવા જાહેર માહિતી અધિકારીને હુકમ કરવામાં આવેલ છે જ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૮–૮–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી અંગે અપીલ અરજી નં.૧૭૩ બાબતે આરટીઆઈ સેલ/૭૪૨ તા.૧૦–૧૧–૦૮ થી હુકમ કરેલ છે. જેથી આ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧–૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન.... જાણ તથા અમલ માટે
(૨)શ્રી બાબુભાઈ એમ. શાહ